# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## GANDHINAGAR CABINET MEETING

ગાંધીનગરમાં આજે યોજાયેલી મંત્રીમંડળની બેઠક પૂર્ણ થઈ છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આ બેઠકમાં આરોગ્ય વિભાગ દ્વારા PM-JAY અંગે SOP એટલે કે, માનક સંચાલન પ્રક્રિયા, મગફળીની ધીમી ખરીદી અંગે સૌરાષ્ટ્રમાંથી ઉઠેલી ફરિયાદો તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત બેઠકમાં પોલીસે PM-JAY કાર્ડના પકડેલા કૌભાંડ, રાજ્યમાં મગફળીના ટેકાના ભાવે ખરીદી અને બજેટ અંગે ચાલી રહેલી વિભાગવાર બેઠકો તેમજ બજેટસત્ર અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

------------------------------------

## AHMEDABAD ACCIDENT DECEASED

અમદાવાદ શહેરમાં જીવલેણ અકસ્માતની ઘટનામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હોવાનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે. શ્રી સંઘવીએ સોશિયલ મીડિયાના એક સંદેશમાં જાહેર કરેલા આંકડા મુજબ, એક જાન્યુઆરી 2023થી 30 નવેમ્બર 2023 સુધીમાં અમદાવાદમાં 465 જીવલેણ અકસ્માત સર્જાયા હતા, જેમાં 484 લોકોએ જીવ ગુમાવ્યા હતા. જ્યારે આ વર્ષે આ જ સમયગાળામાં શહેરમાં 25 ટકા ઘટાડો થતાં 348

અકસ્માત સર્જાયા હતા, જેમા 363 લોકોના મોત નીપજ્યા છે. આ અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુ માહિતી આપી હતી.

**(બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)**

------------------------------------

## MORBI ACCIDENT

મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં મોડી રાત્રે ખાનગી બસ પલટી જતાં બસમાં સવાર 56 મુસાફરોમાંથી નવ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. મળેલે માહિતી મુજબ, બસચાલકે સ્ટિયરીંગ પરથી કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. આ ખાનગી બસ ગાંધીનગરથી કચ્છના માતાના મઢ જઈ રહી હતી. દરમિયાન મોરબીમાં બસને અકસ્માત નડ્યો હતો.

------------------------------------

## AHMEDABAD METRO TRAIN

અમદાવાદમાં મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરતા લોકો હવે ઑનલાઈન ટિકિટ બૂક કરાવી શકશે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે,

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા અમદાવાદ મેટ્રો ઑફિશિયલ નામની ઑનલાઈન મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે. આ એપ્લિકેશનમાં મુસાફરી માટેની માહિતીથી લઈ ટિકિટ બૂકિંગ સહિતની સુવિધા આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, અત્યારે અમદાવાદ શહેરમાં થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ અને વાસણા APMCથી મોટેરા સ્ટેડિયમ અને ગાંધીનગર સેક્ટર એક સુધી મેટ્રો ટ્રેન સેવા ચાલી રહી છે.

-----------------------------------

## VERA NIRIKSHAK EXAM

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ ત્રણની પ્રાથમિક પરીક્ષા આપતા ઉમેદવારો માટે વધારાની બસની સુવિધા કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યના તમામ જિલ્લાઓમાં 754 પેટા કેન્દ્ર ખાતે આગામી 22 ડિસેમ્બરે રાજ્ય વેરા નિરીક્ષકની પરીક્ષા યોજાશે. તે દિવસે પરીક્ષાર્થીઓને અગ્રીમતા આપવા ST નિગમ દ્વારા તમામ ડેપોને વિશેષ સૂચના આપવામાં આવી છે.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## MEHSANA RAKTAPITT

મહેસાણા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા 35 ગામમાં મળી આવેલા રક્તપિત્તના કેસ અંગે સરવે હાથ ધરાયો છે. આ માટે આરોગ્ય વિભાગ 108 ટુકડી બનાવી આગામી 24 ડિસેમ્બર સુધી એક લાખ 34 હજારથી વધુ લોકોનો સરવે કરશે. આ ઝૂંબેશમાં 28 હજાર 487 પરિવારોને આવરી લેવાશે. આ પહેલા વિજાપુર તાલુકાના પાંચ ગામમાં રક્તપિત્તના પોઝિટિવ કેસ મળી આવ્યા હતા. ત્યાંના દર્દીઓની સારવાર શરૂ કરવામાં આવી છે.

-----------------------------------

## VALSAD POLICE CHECKING

વલસાડ જિલ્લાની પોલીસે સરહદ પર ચેકપોસ્ટ ઊભી તપાસ હાથ ધરી છે. પોલીસ દમણથી આવતી તમામ ગાડીઓને તપાસ કરી રહી છે. તેમજ નશામાં પકડાયેલા લોકોને પકડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું સુરતના રેન્જ આઈ.જી. પ્રેમવીર સિંહે જણાવ્યું હતું.

-------------------------------------